ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગને
વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧૦.૦૦ લાખ ફાળવવા
બાબત.
સને ૨૦૧૭-૧૮.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૮-૮૯-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૨/૨૦૧૮
16 FEB 2018

વંચાણે લીધાઃ-

(૧) નાણા વિભાગની તા.03/૨/૨૦૧૮ની યાદી ક્રમાંક:CNF/1117/31/K

ઠ રા વઃ-

ગુજરાત રાજ્યમાં બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક સર્વાંગી વિકાસ માટે તા.૦૫/૧૦/૨૦૧૭ની અધિસૂચનાથી "ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ" ની રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ ચાલું નાણાકીય વર્ષમાં નવું રચાયેલું હોવાથી તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં કોઇ જોગવાઇ ન કરેલ હોવાથી આયોગ માટે રાજ્ય આકસ્મિક નિધિમાંથી પેશગી માટે દરખાસ્ત કરતાં નાણા વિભાગ દ્વારા વંચાણ હેઠળની ક્રમાંકઃ (૧) પરની તા.03/૨/૨૦૧૮ની યાદીથી વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧૦.૦૦ લાખ રાજ્ય આકસ્મિક નિધિમાંથી પેશગી મંજૂર કરવાના હુકમો કરવામાં આવેલ છે.

આ આયોગ તાત્કાલિક કાર્યરત થાય તથા રાજ્યના બિન-અનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓની તપાસ કરી તેના સમાધાન માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી જ ભલામણ કરી શકે તે માટે વર્ષ ૨૦૧૭-૧૮માં ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગને વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧૦.૦૦ લાખ આયોગના હવાલે મુકવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તોઃ

૧. આકસ્મિક નિધિથી મેળવેલ રકમનો સુધારેલ અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે. તેમજ વિભાગની કુલ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.

૨. નાણા વિભાગના તા.૨૪/૧/૧૯૮૦ના પરિપત્રક્રમાંક:હસવ-૧૦૮૦-૨૧૬-ક ની સૂચનાઓ અનુસાર મંજૂર કરવામાં આવેલ પેશગીમાંથી ખર્ચ મેળવવાનો હોય તેવા કિસ્સાઓમાં ઉપાડના દરેક બિલ/વાઉચરો ઉપર સ્પષ્ટ રીતે લાલ શાહીથી "આકસ્મિક ખર્ચ નિધિ" મુજબના શબ્દો સબંધિત ઉપાડ અધિકારીએ લખવાના રહેશે.

૩. નાણા વિભાગના તા.૨૩/૫/૧૯૮૫ના પરિપત્ર મુજબ જાહેર હિસાબ સમિતિની ભલામણ અનુસાર આકસ્મિક નિધિમાંથી પેશગી મંજૂર થયાના બે(૨) માસમાં તેનો ખર્ચ કરવાનો રહે છે. તેથી તે પરત્વે કોઇ ખર્ચ ન થાય અથવા ઓછો ખર્ચ થાય તો આ પેશગીની મંજૂરી રદ કરવા અથવા તેની રકમમાં ઘટાડો કરવાની દરખાસ્ત સત્વરે કરવાની રહેશે.

૪. રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તે રીતે, વિધાનસભાના કાયદાથી આ હેતુ માટે વિનિયોગ દ્વારા આયોગના હેતુઓના વહન માટે અનુદાનથી જરૂરી નાણા આપશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૭. નાણાકીય ઔચિત્યના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૮. આ સમગ્ર રકમ આકસ્મિક નિધિના મુખ્ય સદર: ૮૦૦૦ ખાતેથી ઉપાડવાની રહેશે તથા રાજ્ય સરકાર દ્વારા પૂરક માંગણીઓ મંજૂર થયા બાદ તે માંગણી ક્રમાંકઃ ૯૨, મુખ્ય સદર- ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર- ૦૧ સામાન્ય- ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ સદરે સરભર કરવાનું રહેશે.

આ ઠરાવ ખર્ચ અગ્રતા સમિતિની તા.૨૩/૧/૨૦૧૮ તથા નાણા વિભાગની તા.૩૦/૧/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ

નકલ રવાના:-

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.